# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


મા-૪/સેમિનાર/મંજૂરી/૨૦૨૫/ 13913 તા.27/૧૧/૨૦૨૫

પ્રતિ,

પ્રમુખશ્રી/મહામંત્રીશ્રી,

સુરત જિલ્લા આચાર્ય સંઘ,

સુરત, જિલ્લો-સુરત.

વિષય: શૈક્ષણિક અને વહીવટી માર્ગદર્શન સેમિનારની મંજૂરી આપવા બાબત.
સંદર્ભ: પ્રમુખ/મંત્રી સુરત જિલ્લા આચાર્ય સંઘ, સુરતના પત્ર ક્રમાંક:૧૩/(૨૦૨૫-૨૬), તા.૨૦/૧૧/૨૦૨૫

જય ભારત સહ ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ, સરકારી, નોન ગ્રાન્ટેડ શાળાના આચાર્યશ્રીઓની શૈક્ષણિક અને વહીવટી સજ્જતા માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત તથા સુરત જિલ્લા આચાર્ય સંઘના સંયુક્ત ઉપક્રમે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬માં શાળાઓના આચાર્યો માટે એક દિવસનાં શૈક્ષણિક અને વહીવટી માર્ગદર્શન સેમિનારનું નીચે મુજબના સ્થળ અને તારીખે આયોજન કરવામાં આવેલ છે.

સરકારશ્રીના શિક્ષણ વિભાગનાં તા.૦૨/૦૭/૧૯૯૯ ના ઠરાવના પરિશિષ્ટ-૨ (૧૪) ઈતર ખર્ચ માટે માન્ય ખર્ચ યાદી અને ક્રમ-૩૫ અનુસાર સેમીનાર/પરિષદ અન્વેનો ખર્ચ માન્ય કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. જેના આધારે એક દિવસના સેમિનારની માટેની ડેલીગેશન ફી પ્રતિ ૭૦૦/- (અંકે રૂપિયા સાતસો પુરા) મંજુર કરવામાં આવે છે.

<u>તારીખ:- ૨૦/૧૨/૨૦૨૫, સમય: સવારે ૮:૩૦ થી ૦૪:૩૦ સુધી</u>

<u>સ્થળ:- વિદ્યાભારતી ટ્રસ્ટ મંડળ કેમ્પસ, બાબેન, બારડોલી, જિ.સુરત.</u>

જિલ્લાશિક્ષણાધિકારી,
સુરત,જિલ્લો-સુરત.

<u>નકલ રવાના જાણ સારું,</u>

- આચાર્યશ્રી, સુરત જિલ્લાની તમામ ગ્રાન્ટેડ, નોન ગ્રાન્ટેડ અને સરકારી શાળાઓ, જિ.સુરત.